GJVL030014492026

દાખલ તારીખ :– ૨૧/૦૪/૨૦૨૬
રજુ તારીખ :– ૨૧/૦૪ /૨૦૨૬
ફેસલ તારીખ :– ૧૨/૦૮/૨૦૨૬
સમય :–દિવસ મહીનો વર્ષ
૨૨ ૦૩ ૦૦

---

**પારડીના મહે.બીજા અધિક જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ**
**તા.પારડી, જી.વલસાડ**

---

**ફો. કેસ નં. ૧૨૦૯/૨૦૨૬**

**આંક :–**

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

વિરુધ્ધ

**<u>આરોપી</u>** :– નિશાન્ત સુરેશભાઈ રાણા
રહે. પ્લોટ નં. ૪૪/૪, એફ–૩૦૨, સરસ્વતી પ્લેસ, અમ્રુત નગર, હરિનગર–૨, ઉધના, સુરત શહેર

---

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(એ) મુજબ.

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી આર. સી. પટેલ
આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી આર. એન. પટેલ

---

**–: <u>ચુકાદો</u> :–**

(૧) આ કામના આરોપી સામે પારડી પોલીસ સ્ટેશનમાં ધી પ્રોહી. એક્ટની કલમ–૬૫ એએ મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ધી પ્રોહી એકટ કલમ ૬૫એએ, મુજબ તે એવી રીતની છે, કોલમ નં.૧૧માં જણાવેલ તહોમતદારનાએ પોતાના કબજાના મીણીયા થેલીમાં વગર પાસપરમીટે ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની વોડકા બોટલો કુલ્લે નંગ-૦૫ (૧.૪૭ લિટર) કિં.રૂ.૨૪૦૦/-નો પ્રોહી મુદ્દામાલ ચાલતો ચાલતો લઈ આવતા મોજે.કલસર પાતલીયા ચેકપોસ્ટ રોડ ઉપર તા.પારડી જી.વલસાડ. (અક્ષાંશ. ૨૦.૪૬૦૭૨૪, રેખાંશ ૭૨.૮૮૫૬૮૧૨) ખાતે પોલીસ ચેકિંગ દરમ્યાન પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબત.

(૩) સદરહું ફરિયાદીની ફરિયાદના આધારે આઈ. ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નાઈઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીની પ્લી નોધતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચ નં.૧ કલ્પેશ શૈલેષભાઈ પટેલ ની જુબાની |
| ૨. | ૦૭ | પંચનામું |
| ૩. | ૦૮ | પંચ નં.૨ કીરતીભાઈ ભરતભાઈ ઉગરેજીયા ની જુબાની |

(૬) આ કામે આરોપીનું બી.એન.એસ.એસ.કલમ: ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૮) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ધી પ્રોહી એકટ કલમ ૬૫એએ, મુજબ તે એવી રીતની છે, કોલમ નં.૧૧માં જણાવેલ તહોમતદારનાએ પોતાના કબજાના મીણીયા થેલીમાં વગર પાસપરમીટે ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની વોડકા બોટલો કુલ્લે નંગ-૦૫ (૧.૪૭ લિટર) કિં.રૂ.૨૪૦૦/-નો પ્રોહી મુદ્દામાલ ચાલતો ચાલતો લઇ આવતા મોજે.કલસર પાતલીયા ચેકપોસ્ટ રોડ ઉપર તા.પારડી જી.વલસાડ. (અક્ષાંશ. ૨૦.૪૬૦૭૨૪, રેખાંશ ૭૨.૮૮૫૬૮૧૨) ખાતે પોલીસ ચેકિંગ દરમ્યાન પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબત..,ધી પ્રોહીબિશન કલમ ૬૫ એ એ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણ લેતા, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામા વિશે તેઓ કાંઈ જાણતા નથી. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી જેથી તેઓ બંને પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટ તપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઈ

ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ ન હોઈ નામ.સુપ્રિમ કોર્ટે નરેશ કુમાર વિ. હિમાચલ પ્રદેશ એ.આઈ.આર.૨૦૧૭ એસ.સી.૩૮૫૯ના ચુકાદામાં ઠરાવેલ છે કે,જયારે રસ ધરાવનાર સાહેદ મુદ્દામાલ રીકવરીને પુરવાર કરતા ન હોય તે સંજોગોમાં શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૧૧) આ કામે ફરિયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચ સાહેદોનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી તેથી તે પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૩) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી બોમ્બે પ્રોહી એકટની કલમ ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો,આ કામે આરોપીના કબજા માંથી દારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આ કામે ૨૦૦૬(૩) – ક્રાઈમ્સ – પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલછે કે, ''જયારે જજને ચોકકસપણે એમ લાગે કે કેસનાં સં જોગો ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરિણમશે નહીં, ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા માટે વેડફશો નહીં'. તે જ રીતે સદર કામે આરોપી સામે આક્ષેપિત ચાર્જશીટ ધ્યાને લેતાં, તેમાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

(૧૫) ફરિયાદપક્ષનાં કેસમાં મુદ્દામાલ દારૂ ગેરકાયદેસર અને પાસ પરમીટ વગર મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય, સ્થળ ધ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ

નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. વધુમાં આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર મુદ્દામાલ દારૂ મળી આવ્યાનો કેસ હોવા છતાં પંચ સાહેદોનો પુરાવો જોતાં, ફરીયાદપક્ષ આ કામનાં આરોપીનાં કબજામાંથી મળી આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ મળ્યાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આરોપીના માલીકી અગર તો, કબજા ભોગવટાનું હોવા બાબતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આરોપીની ઓળખ બાબતે પણ શંકા છે. જેથી મુદ્દામાલ ગેરકાયદેસર મળી આવવા બાબતે ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ નથી. ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય આવે છે. આ તબકકે નામદાર વડી અદાલત ધ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા ઘટે કે, જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોનાં તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, આરોપી સામેના ગુનાનો આક્ષેપ ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નહી હોવાનુ અત્રેની અદાલત માને છે તે સંજોગોમાં મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

(૧) આરોપી નિશાન્ત સુરેશભાઈ રાણાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)

મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૨ , માહે ઓગસ્ટ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૧૨ / ૦૮ /૨૦૨૬** **(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**

**સ્થળ : પારડી** બીજા અધિક જ્યુડી. મેજી.ફર્સ્ટ ક્લાસ

તા. પારડી, જી. વલસાડ

**CODE NO.GJ 01743**